ચૌધરી મિનલ (2022) દ્વારા એમ.એ અભ્યાસના ભાગરૂપે આંગણવાડીના બાળકોના વિકાસ માટે ICDS યોજનાની ભૂમિકા વિષય સંશોધન કાર્ય કરવામાં આવ્યું હતું

જેનો ઉદ્દેશ્ય આંગણવાડીના બાળકોના વિકાસ માટે ICDS યોજના અંગે પ્રાથમિક માહિતી મેળવવી, કૌટુંબિક માહિતી મેળવવી તથા જન્મથી છ વર્ષની વય જૂથના બાળકોના સ્વાસ્થ્ય અને પોષણના સ્તર વિશે માહિતી મેળવવાના હતા.

અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે લાભાર્થીની ઉંમર, ભણતર, વ્યવસાય, આવક, ધર્મ તથા જ્ઞાતિને લેવામાં આવ્યા હતા. જ્યારે પરતંત્ર ચલ તરીકે ICDS યોજના, પૂરક પોષણ, આરોગ્ય તપાસ, રસીકરણ વગેરેને લેવામાં આવ્યા હતા.

પ્રસ્તુત સંશોધનમાં ભિલોડા તાલુકાની કુલ 24 આંગણવાડીમાં ઝીરો થી છ વર્ષના બાળકોની સંખ્યા 1947 છે તેમાંથી કુલ 320 ઉત્તરદાતાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

માહિતી એકત્રીકરણ માટે પ્રાથમિક સ્રોત તરીકે લાભાર્થીઓ પાસે અભિપ્રાયાવલી ભરાવવામાં આવી હતી. ગૌણ માહિતી તરીકે સંશોધક દ્વારા ગ્રંથાલયના પુસ્તકો, સામયિકો અને ઇન્ટરનેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એકત્રિત થયેલી માહિતીનું સૂક્ષ્મ નિરીક્ષણ કરીને તેનું કોષ્ટકીકરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

અભ્યાસના મુખ્ય તારણો જોઈએ તો, 45% ઉત્તરદાતાને આંગણવાડી દ્વારા પાંડુરોગ, આયન ફોલિક એસિડ કે પૂરક પોષણ કાર્યક્રમમાં તાલીમ આપવામાં આવે છે. 69.98% આંગણવાડી દ્વારા આયર્ન ફોલિક એસિડની દવાનો વિતરણ કરવામાં આવે છે. 54.68% ઉત્તરદાતાના બાળકોને છેલ્લા છ મહિનામાં કૃમિનાશક ટેબલેટ આપવામાં આવી હતી. સો ટકા ઉત્તરદાતાના બાળકના જન્મ બાદ પોલિયો અને બીસીજીની રસી મૂકવામાં આવી હતી. 48.43%ને ગર્ભાવસ્થા દરમિયાન શારીરિક તપાસ દર મહિને ત્રણ વખત કરવામાં આવી હતી.

ઉપરોક્ત તારણો પરથી નિષ્કર્ષ નીકળે છે કે, બહુમતી ધરાવતા ઉતરતાતાને આંગણવાડી દ્વારા પાંડુરોગ, આયન, ફોલિક એસિડ કે પુરક પોષણ કાર્યક્રમ પર તાલીમ આપવામાં આવે છે. તથા આરોગ્ય વિભાગ દ્વારા તેમના બાળકની તપાસ કરવામાં આવે છે અને આંગણવાડી દ્વારા આયર્ન, ફોલિક એસિડની દવાનું વિતરણ પણ કરવામાં આવે છે. ઉત્તરદાતાના બાળકને છેલ્લા છ મહિનામાં કૃમિનાશક ટેબલેટ આપવામાં આવી હતી. દરેક બાળકના જન્મ બાદ પોલીયો અને બીસીજીની રસી મુકવામાં આવે છે. બાળકને આંગણવાડી દ્વારા 9 મહિનાનું થાય ત્યારે ઓરી અને વિટામિન એ ના પ્રથમ ડોઝ આપવામાં આવે છે. સગર્ભા અવસ્થા દરમિયાન ઉત્તરદાતાની શારીરિક તપાસ દર મહિને કરવામાં આવતી હતી. એકંદરે આંગણવાડીના બાળકોના વિકાસમાં આઈસીડીએસ યોજના ખૂબ જ અસરકારક અને લાભકારી જોવા મળે છે.